Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આધસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી

:સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)

# જયકચ્છ

OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિધ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

૦ સજીવખેતી ૦ ગૌમહાત્મય ૦ પર્યાવરણ ૦ ગ્રામોત્થાન ૦ સ્વાવલંબન ૦ આરોગ્ય

★ વર્ષ ૮૯ ★ સંવત. ૨૦૭૮ ★ અ.શ્રાવણ સુદ ૧૫ ★ તા. ૧/૮/૨૦૨૩, ★ અંક ૧૪ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૬/૮/૨૦૨૩ ★ RNI No. 1886/57

## ખેતીમાં ગાયની મહત્તા તેમજ પશુપક્ષીની ભૂમિકા

ભારતીય પરંપરા મુજબ હજારો વર્ષથી ખેતી પધ્ધતિનું જ્ઞાન આપણાં ૠષિ મુનિઓ દ્વારા મળતું આવ્યું છે. અને આ જ્ઞાન આજે પણ પરિવાર પરંપરાથી જળવાયેલું જોવા પણ મળે છે. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે આજે આ જ્ઞાનની વાતો જ વધુ જોવા મળે છે. વ્યવહારમાં એ બદલાઈ ગયું છે. તેમાં પણ છેલ્લા ૫૬ વર્ષમાં આધુનિક વિજ્ઞાનના નામે અને વધુ ઉત્પાદન મેળવવાની લ્હાયમાં ખેતી એ ખેતી જ નથી રહી. તેની પરિભાષા, હેતુ અને લુ બદલાઈ જતાં આડેધડ બદલાવ આવ્યા છે જે પરંપરાથી પૂરે પૂરું વિમુખ છે.

ખેતી એ વાસ્તવમાં સમગ્ર જીવોના જીવન માટે થતી, આજે પૈસાની દ્રષ્ટિથી થાય છે. ખેતી અને સમગ્ર જીવોના પ્રયાસથી થતી આજે માત્ર માનવ અને મશીનથી થાય છે. ખેતી એ મુખ્ય અને મહત્વનો વ્યવસાય હતો. હવે ખેતી એ નિમ્ન કક્ષાના વ્યવસાય તરીકે જોવાય છે. અગાઉ ખેતી એ બધાનો આધાર હતી હવે બરબાદીનું કારણ બની છે. અગાઉ ખેતીથી જીવન મળતું હતું હવે મોત મળે છે. પહેલા ખેતી ગાય, પશુ અને પક્ષીના સહયોગથી થતી આજની ખેતીમાં ગાય, પશુ અને પક્ષીની ભૂમિકા જ નીકળી ગઈ છે. અને તેથી જ ખેતી જટિલ અને મોંઘી બની ગઈ છે. ખેતીમાં જોખમ અને નાસમજી વધી ગઈ છે. આપણાં પૂર્વજો આસાનીથી ખેતી કાર્ય કરતા હતા ક્યાય ન આવડે તેવું ન હતું. આજે કોઈને ખેતી નો ★ખ× પણ ખબર નથી. અને ખેતી કરવા જાય છે. અને લેવાને બદલે દેવા પડે છે.

આજે વાત કરવી છે ખેતીમાં ગાય, પશુ અને પક્ષીની ભૂમિકા શું છે. આપણે સૌ આપણા શાસ્ત્રોના વિજ્ઞાનમાં શ્રદ્ધા હોય તો ગાયને પશુ નહીં ગણીએ. ગાય એ ગાય છે. દેશી ગાય સિવાયના જાનવરોને પશુ કહીશું.

આપણાં શાસ્ત્રોએ પણ ગાય માટે વિશેષ ઉલ્લેખ કરવાની વાત કહી છે. ઉદાહરણ તરીકે અન્ય પશુ ને દૂધને દૂધ અને ગાયના દૂધને અમૃતતુલ્ય સમજવું એવું આયુર્વેદ ગ્રંથમાં નિર્દેશ છે. એ જ રીતે ખેતીમાં પણ દેશી ગાય અને પશુની ભૂમિકામાં મોટો ફરક છે. તેને આધારે ખેતીમાં જુદું જુદું મહત્વ છે તે સમજીએ

– દેશી ગાયનો ખેતીમાં ઉપયોગ

– દેશી ગાય એ ખેતીનો મોટો આધાર છે

– ધરતીને સર્વાંગીણ એટ્લે કે બાયોલોજિકલ ભૌતિક રીતે અને પોશાક તત્વોની સ્ત્રષ્ટિ એટ્લે ગોવંશ

– ગાયના પંચગવ્ય પંચતત્વ ને પુષ્ટ કરનાર છે

– ગાયના પંચગવ્ય પંચ તત્વમાં રહેલ ટોકસિક (ઝેર) કાઢ વાનું કાર્ય કરે છે

ઘર વપરાશમાં પણ ગાય તેમજ પશુઓ માનવ જીવન સાથે વણાયેલું છે. એમ કહી શકાય કે ગાય કે પશુ માનવ જીવનમાંથી લુપ્ત થાય અથવા તેની ભૂમિકા ઘટી જાય તો માનવ જીવન મુશ્કેલીમાં મુકાઈ શકે. તે જ રીતે ખેતીમાંથી ગાય કે પશુની બાદબાકી થાય તો ખેતી મુસીબતમાં મુકાય અને આજે આવી જ સ્થિતિ સર્જાઈ છે.

આવી જ રીતે પક્ષીની વાત કરીએ તો એની પણ કૃષિ કાર્યમાં અહમ ભૂમિકા છે.

આજના ખેડૂતને એમ લાગે છે કે પક્ષીઓ માત્ર અનાજના દાણા ખાવા જ આવે છે પરંતુ હકીકતમાં એવું નથી. એ માત્ર દાણા જ ખાય છે એવું નથી તે... જીવાતોને ખાય છે અને જીવાત નિયંત્રણ કરે છે બીજનો ફેલાવો કરે છે

વૃક્ષોની વૈવિધ્યતા વધારે છે. બહારથી બીજ આપણાં ખેતરમાં લાવે છે

જેટલું અનાજ ખાય તેટલી જ વિષ્ટા મૂકી ખેતરને ખાતર પણ આપે છે

જીવાતોના ઉપદ્રવ સમયે તેના નિયંત્રણનું મહત્વનુ કાર્ય કરે છે

કેટલાક પક્ષીઓ ઉંદરનું નિયંત્રણ પણ કરે છે

પક્ષીઓના વર્તન વ્યવહારથી ખેડૂતને વાતાવરણની માહિતી મળે છે અને સામાની માહિતી પણ મળી રહે છે.

ખેતીમાં મધુર કર્ણપ્રિય સંગીત પણ સંભળાવે છે.

હિંસક જાનવરોની હાવભાવ અને અવાજોથી જાણકારી આપે છે.

ઓનલાઈન લવાજમ ભરવા માટે

ખાતાનું નામ : જયકચ્છ JAYKUTCH

બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા શાખા : ભુજ(કચ્છ)

ખાતા નંબર : ૩૧૮૩૨૮૫૨૭૯ 3183285279

આઈએફએસસી : CBIN0280589

રકમ જમા કરાવ્યા બાદ

મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી

(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)

## દુર્લભ બનતી 'ગુગળ'ની ખેતી દ્વારા ખેડુત સમૃદ્ધ થઈ શકે

કચ્છમાં ઓછો વરસાદ, ઉદ્યોગોમાં પાણીનો વધુ વપરાશ અને ઘટતા જતા ભુગર્ભના પાણીના જથ્થાના વધુ વપરાશને કારણે જયારે તળ ઉંડા ગયા છે ત્યારે કુદરતી રીતે ઝાકળ વર્ષાથી થતો આ પાક કચ્છને નવી દિશા આપી શકે તેવી તમામ શકયતાઓ છે.

આયુર્વેદમાં દિવ્ય ઔષધિ માનવામાં આવે છે અને ભુતકાળમાં જેનો ઉપયોગ મોટા પાયે ચુના સાથે ગુગળ મેળ વીને કિલ્લા, રાજમહેલ અને મેડી મહેતાલ બાંધવા થતો અને તે બાંધકામ ભુકંપપ્રુફ થતું. અન્ય ઉપયોગ ધુપ કરવાથી લક્ષ્મીનું આગમન થાય, પર્યાવરણ શુદ્ધી જળવાય અને એક માન્યતા પ્રમાણે ગુગળનો ધુપ કરવાથી ભુત–પિશાચ જેવા તત્વો દુર ભાગે તેવી દ્રઢ માન્યતા હતી. પણ વર્તમાનમાં આયુર્વેદિક દવાઓ બનાવવા મોટે મોટા પાયે ઉપયોગ કરવામાં આવે છે અને તેની ખપત દિવસે દિવસે વધતી જાય છે. ગુગળ કુદરતી રીતે જંગલોમાંથી મળતું પણ અવૈજ્ઞાનિક ગુગળ મેળ વવાની પદ્ધતિથી ગુગળના વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે અને ગુગળ લુપ્ત થતી પ્રજાતિઓમાં નોંધ લેવાઈ છે.

સિંધ, કચ્છ, બલુચિસ્તાન મુખ્ય ઉત્પાદક પ્રદેશો હતા. સિંધ વિસ્તાર પાકિસ્તાનમા જતાં ભારતમાં મુખ્ય ઉત્પાદક પ્રદેશ કચ્છ જ રહ્યો. જોકે છુટા છવાયા વૃક્ષ સૌરાષ્ટ્ર, ઉતર ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને બંગાળ માં થતાં.

સરકારી આંકડા મુજબ સને ૧૯૬૦ ના વર્ષમાં ભારતમાં ગુગળનું ઉત્પાદન ૫૦૦ મેટ્રીક ટન હતું પણ સને. ૧૯૯૦ માં ઘટીને ૫ મેટ્રીક ટન જ રહ્યું. હવે તો કદાચ કિલોમાં જ ઉત્પાદન હશે. આયુર્વેદિક કંપનીઓમાં વપરાશનો સતત વધારો થતાં મોટા પાયે પાકિસ્તાન થની ગુગળ આયત કરવામાં આવે છે. પાકિસ્તાનમાં અને બલુચિસ્તાનમાં પણ હાલત આપણા જેવી હોઈ ઉદ્યોગપતિઓએ સરકારને જાણ કરતાં સરકારીતંત્ર સફાળે જાગ્યું અને વાવેતર કેમ વધે તે ઉપયોગ શરૂ કર્યા. ગુગળમાંથી મેદોહર ગુગળ, ત્રિફળા ગુગળ, ત્રિયોદશાંગ ગુગળ, પંચતિકત ગુગળ, પુર્નવાવ ગુગળ, પંપામૃત લોહ ગુગળ, લાક્ષાદી ગુગળ, સિંહનાદ ગુગળ એવા વિવિધ પ્રકારની ૨૬થી વધુ દવા બને છે.

ગુગળને મુખ્યત્વે ઉષ્ણ અને સુકું હવામાન તથા જે વિસ્તારમાં વધુ પડતી ઝાકળ વર્ષા થતી હોય તેવા ડુંગરાળ અને જમીનમાં ચુનાનું પ્રમાણ વિશેષ હોય તેવી જગ્યા વધુ પસંદ પડે છે. કચ્છમાં જખૌ અને મુંદરા વિસ્તારના સમુદ્ર કિનારામાં જયાં મીઠા પાણીનો જથ્થો ઠલવાય તે વિસ્તારમાં પણ કુદરતી રીતે જોવા મળે છે. ભારતના સંશોધન કેન્દ્રો ઉપર કચ્છની ગુગળની જ પસંદગી કરવામાં આવી છે.

વરસાદ થવાની અસર ગુગળના ઝાડ ઉપર થાય છે અને કુદરતી રીતે પાંદડા ફુટવાની શરૂઆત થાય છે. ચોમાસું પૂર્ણ થતાં પાંદડા ખરી પડે છે. કુદરતી રીતે હવામાંથી કે ઝાકળમાંથી પાણી મેળવી ઝાડ વૃદ્ધિ કરતું રહે છે. ત્રણેક વર્ષ સુધી ઓછું વધે છે. પછી વૃદ્ધિ કરે છે. ઉનાળો બેસતાં તેમાં લાલ કલરનાં ફૂલ બેસે છે ત્યાર બાદ તેમાંથી થોડા ચપટા આકારનાં નાના ફળ બેસે છે તેને "ગુગળીયા" કહેવાય છે. પાકે છે ત્યારે લાલ બને છે પક્ષીઓ તેને ખાય છે. પેટ દુખતું હોય ત્યારે પાંચેક ગુગળીયા ખાવાથી થોડીવારમાં રાહત થાય છે. આ વૃક્ષોને ઢોરો ખાતા ન હોઈ કુદરતી રીતે આડસમાં ગુગળને રક્ષણ મળ ે છે. વાવેતર બીજ અને કલમ દ્વારા કરવામાં આવે છે. ભુતકાળમાં બિયારણમાંથી ઉગવાની ટકાવારી માંડ ૨૦ ટકા જ હતી પણ હવે થયેલા સંશોધન પ્રમાણે બીજથી પણ સારો ઉગાવો મળે છે.

(વધુ આવતા અંકે)

(લે. સ્વ. કુલિનકાંત શાહ)

# ખેતી અને સમાજને અપરાધ ભાવથી મુકત રાખવા ઉપયોગી અગ્નિહોત્ર

ભંડારણ ભસ્મનો ઉપયોગ ભંડારણ માટે થાય છે. સલ્ફાસ અથવા અન્ય ઝેરીલી દવાઓના ઉપયોગ સિવાય અગ્નિહોત્ર ભસ્મનો ઉપયોગ કરી જુઓ. આશ્ચર્યચકિત થઈ જશો. અગ્નિહોત્રનો સમય નિશ્ચિત છે. અને તે સમય પર યજ્ઞ કરવો અનિવાર્ય છે. અગ્નિહોત્રથી શુધ્ધ વાતાવરણનું ઘનત્વ વધારવા અન્ય યજ્ઞ પણ ખેતરમાં કરી શકાય.

ખેડૂતોને આગ્રહ છે કે શુધ્ધ, સાત્વિક, પવિત્ર પધ્ધતિથી આ ખેતીને અપનાવો. મહેનત ખેતીનો આધાર છે. શ્રમથી બચવા પ્રેમથી ઓતપ્રોત મન અને ભરપુર શ્રમની તૈયારી હોય તો ખેતી પોતે એક પૂજા છે. આરાધના છે.

ખેતરની સાથે સાથે ઘરમાં પણ અગ્નિહોત્ર થઈ શકે છે. ઘરનું વાતાવરણ શુધ્ધ થશે. શાંતિ–પ્રસન્નતાનો અનુભવ થશે. રોગ, બિમારીથી સુરક્ષા મળશે. ક્રોધ, આવેશ, કલેશ, દ્વેષ, ઓછા

**ખેતરની સાથે સાથે ઘરમાં પણ અગ્નિહોત્ર થઈ શકે છે, ઘરનું વાતાવરણ શુધ્ધ થશે. શાંતિ–પ્રસન્નતાનો અનુભવ થશે**

થતા જશે અને ઘરના સભ્યોમાં આપસી સદભાવ અને સુમેળતા વધશે. જેનો દરેકને લાભ મળશે.

અગ્નિહોત્ર ભસ્મનો ઉપયોગ ચિકિત્સાના રૂપમાં પણ થઈ શકે છે. ઘરના સભ્યોની સાથે સાથે પાલતુ પ્રાણીઓ પર પણ આનો સફળ ઈલાજ સંભવ છે. અર્થાત આ યજ્ઞ માત્ર ખેતરમાં જ નહીં પણ ઘર–પરિવાર, ઓફિસ વગેરે સ્થળોમાં પણ લાભદાયી છે. આ યજ્ઞ નહીંવત બજેટમાં ઘણો ફાયદો કરાવી આપે છે.

આજે જયારે કિટનાશકો નો ઉપયોગ બેફામ રીતે વધી ગયો છે જેનાથી ખુદ કિસાન પણ વ્યથિત છે. તે સમજે છે કે તેની ઉપજ અનાજ, ફળ, શાકભાજી વગેરે ઝેરીલો પ્રભાવ ધરાવે છે તેથી પાપનીલાગણી અનુભવે છે. અને એક અપરાધભાવ પણ મહેસુસ કરે છે. આ બધાથી બચવાનો ઉપાય આ અગ્નિહોત્ર માં છે. કારણકે અહીં એકપણ રસાયણના ઉપયોગ વગર ઉત્પાદન મેળવી શકાય છે.

આ યજ્ઞથી કૃષિતો સુધરશે સાથે સાથે પર્યાવરણ પણ શુધ્ધ થશે. ખેડૂતનું આચરણ અને વિચાર સુધરશે. એનું પોતાનો પરિવાર, લોકો અને પર્યાવરણનું હિત જળવાશે. એક એવી કૃષિ પધ્ધતિ જેનાથી પોતાનું અને બીજાનું કલ્યાણ સંભવ છે.

**(સાભારઃ માધવાશ્રમ, ભોપાલ , ડો. વિવેક પોતદાર, મો. ૮૧૨૦૦ ૩૬૩૦૩, સ્થાનિય સંપર્ક : ૯૪૨૬૫૮૨૮૧૦)**

## તા. ૧૨–૧૩– ૧૪ ઓગષ્ટના યોજાશે સજીવ ખેતી તાલીમ

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થળ ખાતે તા. ૧૨–૧૩–૧૪ ઓગષ્ટના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦ નો સંપર્ક કરવો.

## ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર, મેવાસા, મમુઆરા વગેરે સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી ઔષધિઓનો પ્રસાર વધી રહયો છે.

## ઈજન

સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....

– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી, ભુજ (કચ્છ)

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ

ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)

મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,

નોંધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–


**સજીવ ખેતી ઉત્પાદન, ગૌ ઉત્પાદન તેમજ ગ્રામોત્થાનને લગતી પ્રવૃતિ ધરાવનારાને પ્રચાર પ્રસાર માટે ઉત્તમ તક**

| | | |
|---|---|---|
| O એક વાર પ્રસિધ્ધિઃ | રૂા. ૨૫૦/– | (૧ અંક) |
| O એક વર્ષ સુધી પ્રસિધ્ધિ : | રૂા. ૫૦૦૦/– | (૨૪ અંક) |
| O બે વર્ષ સુધી પ્રસિધ્ધિઃ | રૂા. ૧૦,૦૦૦/– | (૪૮ અંક) |

"જયકચ્છ"માં જાહેરાત આપવા માટે સંપર્ક કરો :
મો. ૯૯૨૫૧ ૭૪૬૯૯



# સત્વમ
નેચરલ અને ઓર્ગેનિક

- O પંચગવ્ય ઉત્પાદન
- O અનાજ
- O સિંધવ નમક
- O માટીના વાસણ
- O કાચી ઘાણીનું તેલ
- O બુરો (સાકર)
- O દેશી ગોળ
- O કાંસા, તાંબા, પીતળ ના વાસણ
- O ગૌમૂત્ર અર્ક
- O ઔષધિઓ
- O મસાલા
- O ઘર વપરાશની વસ્તુઓ

**ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)**
**સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭**



# વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા
(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય

**આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા**

**સોમવાર થી શુક્રવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**
**સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪**

**શ્રી સર્વસેવા સંઘ કાર્યાલય,સંતોષ સોસાયટી, વી.ડી. હાઈસ્કુલની સામે, ભુજ(કચ્છ)**


### "જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત

ખાતાનું નામ : જયકચ્છ
JAYKUTCH
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા
શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર :
3183285279
આઈએફએસસી :
CBIN0280589
રકમ જમા કરાવ્યા બાદ મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી
(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)
(એક વર્ષથી વધુ સમય માટે પણ લવાજમ ભરી શકો છો)

### ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.

### કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આયુર્વેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૬૮૭૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશૂલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશૂલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

### દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

# જાણો અવનવુ

## વિશ્વ દૂધ દિનની ઉજવણીમાં અનેક દેશો જોડાયા

સમગ્ર વિશ્વમાં પહેલી વાર વિશ્વ દૂધ દિવસ ૧લી જુનના રોજ ઉજવાય છે. જેમાં દર વર્ષે ભાગ લેનાર દેશોની સંખ્યા વધતી રહી છે. એની પાછળ દૂધનું મહત્વ વધારવા લોકોમાં જાગૃતિ માટે આ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. દૂધમાં ગાયનું દૂધનું વિશેષ મહત્વ છે. દેશી ગૌવંશની ગાયનું દૂધ અમૃતતુલ્ય માનવામાં આવે છે. માત્ર દેશી ગાયનું દૂધ જ પોષણ કરે છે. ભારતીય વંશની ગાયોમાં સૂર્યનાડી એટલે કે સનગ્લેન્ડ હોય છે. આ સૂર્યગ્રંથી થકી દૂધ અત્યંત ગુણકારી અને ઔષધિય ગુણોથી ભરપુર બને છે. ગાયના દૂધમાં એ-ર બીટા પ્રોટીન મળે છે. જે હ્રદયરોગ, મધુમેહ, માનસિક રોગો સામે સુરક્ષા આપે છે. ગાયના દૂધમાં સુવર્ણ તત્વ હોય છે. જે શરીરને શકિત આપે છે. પચવામાં પણ સરળ હોય છે. સુવર્ણ તત્વ આંતરડાંની રક્ષા કરે છે એટલે જ ગાયના દૂધને સર્વોતમ માનવામાં આવે છે.

## બટેટાની વેફર ખાતાં પહેલાં આટલું વાંચજો

તમે બટેટાની વેફરના શોખીન છો? અને છતાં તમે માનો છો કે બહુ જોખમ નથી? તો તાજેતરમાં બ્રિટનમાં થયેલા એક સર્વે બટેટાની તળેલી પેકેટ વાળી ચિપ્સ ખાવા સામે વોર્નિંગની સાયરન વગાડે છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા માઈકલ મોસ નામના લેખકનું પુસ્તક 'સોલ્ટ, સુગર, ફેટઃ હાઉ ધ ફૂડ જાયન્ટસ હૂકડ આસ' કહે છે કે સિતેરના દાયકાના હળવા નાસ્તાને અત્યારે ઉત્પાદકોએ બોમ્બ જેવો બનાવી નાખ્યો છે. એમાં સોલ્ટ અને અન્ય પદાર્થોનું એવું મિશ્રણ આવે છે કે જે મો મા મુકતાં વેંત 'ફ્લેવર બર્સ્ટ' કરે છે. નિષ્ણાતો કહે છે કે વેફરનું એક પેકેટ શરીરમાં ઈન્સ્યુલીન અને ગ્લુકોઝના સ્તરને અસમતોલ કરી નાખે છે. જે ખોટી ભુખ લગાડે છે. વધુ જાણીતી વાત એ છે કે માત્ર બટેટાની તળેલી ચિપ્સ ઓબેસીટી, હાઈપરટેન્શન, ડાયાબીટીસ, હાર્ટ ડિસીઝનું જોખમ અનેકગણું વધારી દે છે. આજે ભારતભરમાં અબજો નું વેચાણ આવા પેકેટનું થઈ ગયું છે ત્યારે આપણે આર્થિક અને શારીરીક બન્ને બરબાદી ભોગવી રહયા છીએ જે હકિકત છે.

## ઈઝરાયેલમાં દિવાલ પર કરાઈ ચઢતી ખેતી

ઈઝરાયેલના વિજ્ઞાનીઓ ખેતીના ક્ષેત્રમાં કશુંક નવું કરવા પંકાયેલા છે. ઓછામાં ઓછા પાણીથી સારામાં સારો પાક લેવાનો હોય છે કે ઓવા બીજથીવધુ પાક લેવાનો હોય, તેમણે અનેક સફળ સંશોધનો કર્યાં છે. હાલમાં જ જેરૂસલેમના કૃષિ વિજ્ઞાનીઓએ ઉભી દિવાલ પર ખેતી કરવાનો સફળ પ્રયોગ કર્યો હતો. ખેતીલાયક જમીનોનું પ્રમાણ સતત ઘટી રહયું છે ત્યારે આ પ્રયોગ રસપ્રદ કહી શકાય. ગ્રીનવોલ નામે ઓળખાતી આ પ્રકારની ખેતીમાં કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી છોડવાઓને પાણી અપાય છે.

## જાણો પવિત્ર પીપળાની પૂજાનું મહાતમય

વિવિધ વૃક્ષોની પૂજા કરવી એ આપણી પરંપરા છે. તેમાં પણ કેટલાક વૃક્ષોની પૂજાનું આપણા ધર્મમાં ખાસ્સું મહત્વ છે. આધ્યાત્મિક રીતે પીપળાને સૌથી વધુ પવિત્ર ગણાવ્યો છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'અશ્વત્થ સર્વવૃક્ષાણામ' મતલબ સમગ્ર વૃક્ષોમાં હું પીપળો છું. કહીને તેનો મહિમા આંકી દીધો છે. પુરાણો મુજબ પીપળ ાના મુળમાં વિષ્ણુ, થડમાં કેશવ, ડાળીઓમાં નારાયણ, પાંદડાંમાં ભગવાન હરિ, અને ફળમાં સમસ્ત દેવતાઓનો વાસ છે. ધર્મશાસ્ત્રો મુજબ પીપળાની પૂજા કરવાથી આયુષ્ય વધે છે. અને તેને પાણી પીવડાવાથી તમામ પાપોમાંથી મુકિત અને સ્વર્ગ મળે છે. પુરાણોમાં પીપળાના ઝાડમાં પિતૃઓનો વાસ હોવાનો પણ ઉલ્લેખ જોવા મળે છે. આર્યુવેદ મુજબ પીપળાના પાંદડાં, ફળ, છાલ વગેરે અનેક બિમારીઓમાં અકસીર ઈલાજ છે. તેના ફળ ખાવાથી પેટના દુઃખાવામાં રાહત થાય છે. તો છાલના અંદરના ભાગમાંથી 'દમ'ની દવા બને છે. તેના કોમળ પતાં ચાવીને ખાવાથી અને તેનાં છોડીયાં ઉકાળીને પીવાથી ચામડીના રોગોમાં આરામ મળે છે. પીપળો સતત ચોવીસ કલાક વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ ગ્રહણ કરીને ઓકિસજન આપવાની અજોડ ક્ષમતા ધરાવે છે.

# ઓરા શુધ્ધ કરવાના ઉપાયો

૧૫મી મેના અંકમાં આપણે ઓરા અશુધ્ધિના કારણો જાણ્યાં. આજે આપણે ઓરા શુધ્ધી વિશે જોઈશું. (૧) રિધમ યોગ ૩ એસ. આર. બી. શ્વાસ લ્યો ત્યારે પ્રેમ શ્વાસ છોડો ત્યારે (ર) ઊંડા શ્વાસોચ્છશ્વાસ (૩) સૂર્યસ્નાન, સૂર્યદર્શન (૪) પૂરતી માત્રામાં શુદ્ધ પાણી પીવું (૫) નદી, તળ ાવ, સમુદ્ર કાંઠે ફરવું. શુદ્ધ વસ્ત્રો પહેરવા (૬) પ્રકૃતિમાં ફરવું, ચાલવા જવું (૭) શુદ્ધ સ્વચ્છ સાત્વિક ભોજન, ફળ, લીલાં શાકભાજી વગેરે (૮) અપકવ આહાર માત્રામાં લેવો (૯) પ્રસન મુડની જાળવણી (૧૦) મુકત હાસ્ય (૧૧) વિવિધ મંત્રોનો સમ્યક પ્રયોગ (૧૨) પ્રેમ, કરુણા, મૈત્રી વગેરે ભાવોનો પ્રયોગ (૧૩) સ્વયં પ્રેમ દેહને ધન્યવાદ (૧૪) વિધાયક દ્રષ્ટિકોણ, સદવિચાર, સદભાવના (૧૫) પ્રાર્થના, પ્રભુભકિત, ગુરૂભકિત (૧૬) ધ્યાન સાધના (૧૭) નિદ્રાની સમ્યક માત્રા (૧૮) ઘટાદાર વૃક્ષ નીચે બેસવું (૧૯) ખુલ્લા આકાશ નીચે બેસી ઊર્જા ગ્રહણ કરવી (૨૦) વ્યાયામ (૨૧) વ્યસન મુકિત (૨૨) ભુખ લાગે ત્યારે ભોજન લેવું (૨૩) બદામ, આમળાં, દ્રાક્ષ,નાળિયેરનો ઉપયોગ કરવો (૨૪) ઘર્ષણ સ્નાન (૨૫) પિરામીડની ઊર્જાનો ઉપયોગ કરવો (૨૬) સૌને આર્શીવાદ અને યશ આપવાની આદત (૨૭) ક્ષમાભાવ (૨૮) કુટુંબ, પ્રેમ, સ્નેહ (૨૯) નાના બાળકો સાથે ગમ્મત (૩૦) મધુર સંગીત, ગીતો અને ભજનો (૩૧) નાદબ્રહ્મનું શ્રવણ (૩૨) પ્રાણી, પશુ, પક્ષી, જીવજંતુ અને જરૂરતમંદને દાનની વૃતિ (૩૩) પ્રમાણિકતા અને સત્ય (૩૪) ઊર્જાનો સર્જનાત્મક ઉપયોગ (૩૫) સર્વ ઈન્દ્રીયોન દ્વાર બંધ કરી શાંત બેસવું (૩૬) ચીજોની વ્યવસ્થિત ગોઠવણી (૩૭) શ્વેત-વાદળી વસ્ત્રો અને નિવાસ્થાનના રંગો (૩૮) વડ, લીમડો, પીપળો વગેરે વૃક્ષોનુંસાનિધ્ય (૩૯) હવા ખાવાનાં સ્થળો માં નિવાસ-હવાફેર (૪૦) સંતોની સમાધિ પાસે ધ્યાન, દર્શન, મંદિરમાં દર્શન, સંતોના આશીર્વાદ (૪૧) દક્ષિણ પૂર્વ દિશામાં શયન (૪૨) સુવર્ણાદિ ધાતુના અલંકારો (૪૩) આરોગ્યદાયી ૠતુનો પ્રભાવ-હેમંત (૪૪) સવાર અને સાંજને કારણે (૪૫) સમ્યક વર્ષા (૪૬) શ્રદ્ધા, વિશ્વાસ, પ્રભુની શરણાગતિ (૪૭) ઓટો સજેશન (૪૮) મૌન (૪૯) બાળ કનો જન્મ થવો અથવા મોટો ફાયદો થવો (૫૦) નૃત્ય, આનંદ, ઉત્સવ (૫૧) ધૈર્ય સહનશીલતા (૫૨) મોરપીચ્છ, ક્રિષ્ટલ, રત્નોનો ઉપયોગ (૫૩) બ્રાહ્મી શંખપુષ્પી, જટામાસી યષ્ટિમધુ વિગેરે ઔષધીય વનસ્પતિનો ઉપયોગ (૫૪) પવિત્રતા, સ્વચ્છતા (૫૫) આશાવાદી દ્રષ્ટિકોણ (૫૬) દેહસ્વસ્થ મંત્રના પ્રયોગ (૫૭) મોટી સમસ્યાને નાની કરવાની આદત (૫૮) જોકસ સાંભળવી અને કહેવી (૫૯) ક્ષણ ક્ષણને શ્રેષ્ઠ બનાવવાની સાધના, મોમેન્ટ ટુ મોમેન્ટ, ક્ષણમાં રંગ ભરવા (૬૦) સંતોષ (૬૧) એક સમયે એક કાર્ય (૬૨) શાંતિ (૬૩) પરમાત્માને ધન્યવાદ (૬૪) અન્યોને પ્રસન્નતા આપવાનો પ્રયોગ (૬૫) મીઠી વાણી (૬૬) સગવડોમાં ખુશ રહેવાની આદત, આર્થિક સમસ્યા, લાઈટ-પાણીની સમસ્યા (૬૭) સ્વીકારભાવ (૬૮) બીજાંને સુખે સુખી થવું (૬૯) રેકી, પ્રાણીક ફિલીંગ, આયુર્વેદ (૭૦) ઉધાર શકય સુધી ન લેવું (૭૧) વર્તમાન ક્ષણમાં મનનું સ્થિર રહેવું (૭૨) નિર્વિચાર અવસ્થા (૭૩) ઓરા કવચ, નકારાત્મક વિચારોથી બચવાનો પ્રયોગ (૭૪) નકારાત્મક વાત અને વિચારને વિધાયકમાં બદલવાની કળા (૭૫) વિવેકપૂર્ણ જીવન (૭૬) દીર્ઘદ્રષ્ટિ (૭૭) સમ્મયક જીવન (૭૮) જીવન એક નાટયમંચ છે અને સ્વયં અભિનેતા છે તેવો ભાવ કેળવવો (૭૯) જીવન પરિવર્તન શીલ છે. દરેક પરિસ્થિતિ બદલાઈ શકે છે તે સ્વીકારવું (૮૦) દિવ્ય કલ્પના યોગનો પ્રયોગ. (૮૧) ગાય પર હાથ ફેરવવો કે તેના સાથે રહેવાથી પણ ઓરા શુધ્ધ થાય છે. તેવું તારણ નીકળયું છે.

**ડો. બકુલાબેન બુચ (ખેડા)**

# ઓગણીસ વર્ષ બાદ પણ ઠંડાપીણાં પર પ્રતિબંધ લાદી શકાયો નથી

ભારતીય બજારમાં વેચાઈ રહેલા ઠંડા પીણાંઓમાં જંતુનાશકોની ભેળસેળનું કૌભાંડ બહાર આવ્યાના ૧૯ વર્ષ બાદ પણ કેન્દ્ર સરકારે આ ઉત્પાદનો માટેના ધારા-ધોરણ નક્કી કર્યા નથી. ભારતમાં વેચાતા પીણાઓમાં જંતુનાશકોનું પ્રમાણ યુરોપના ધોરણો કરતાં ૪૨ ગણુ વધુ જોવા મળ્યું છે. જેના શરીરમાં પહોંચવાથી કિડની, લીવર તથા મગજ પર ખરાબ અસર પડી શકે છે.

તત્કાલિન કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલી સંયુકત સમિતિએ પણ સરકારને તાત્કાલિક ધોરણે ઠંડા પીણાં સંબંધિત ધોરણો લાગુ કરવાની ભલામણ કરી હતી. સમિતિનો અહેવાલ ફેબ્રુઆરી ૨૦૦૪માં સંસદમાં રજુ કરાયો હતો. ત્યારે સમિતિના અધ્યક્ષ શરદ પરવારે પણ સ્વીકાર્યું હતું કે કોલા કંપનીના ઉત્પાદનોમાં જંતુનાશકોનું પ્રમાણ આંતરરાષ્ટ્રીય ધોરણો કરતાં વધુ છે.આ ઉપરાંત ભારતીય આયુર્વિજ્ઞાન સંશોધન પરિષદ (આઈસીએમઆર)ના અધ્યક્ષ એન.કે. ગાંગુલીની અધ્યક્ષતામાં રચાયેલી વિશેષજ્ઞોની સમિતિએ પણ માર્ચ ૨૦૦૭માં સરકારના ઠંડા પીણાંના ઉત્પાદનો માટે જંતુનાશકો ના ધોરણો તાત્કાલિક લાગુ કરવા જણાવ્યું હતું. સુત્રોના અનુસાર, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એપ્રિલ ૨૦૦૯માં આ ધોરણો લાગુ કરવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું, પરંતુ સરકારી બાબુઓના ઠંડા વલણના કારણે આ દિશામાં કોઈ પહેલ થઈ નથી.

કોલા ઉત્પાદનોમાં જંતુનાશકોનું વધુ પ્રમાણ હોવાનું ફેબ્રુઆરી ૨૦૦૩માં સૌથી પહેલા બહાર પાડનારા 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એનવાયરમેન્ટ' (સીએસઈ)ના નિર્દેશક સુનીતા નારાયણે જણાવ્યું કે, સમિતિની ભલામણોનો આટલો લાંબો સમય પસાર થઈ ગયા બાદ પણ ધોરણો નક્કી ન કરવા દુર્ભાગ્યપુર્ણ છે.

રસપ્રદ બાબત એ છે કે સંયુકત સંસદીય સમિતિએ સંસદમાં તો ઠંડા પીણાંનો પુરવઠો બંધ કરાવી દીધો છે, પરંતુ દેશભરમાં તેના માટે ધોરણો લાગુ કરી શકાયા નથી. સમિતિના સભ્ય રહેલા ડો. સુધા યાદવે જણાવ્યું કે, સામાન્ય જનતાના આરોગ્ય સાથે સમાધાન ન કરવું જોઈએ. ઠંડા પીણાંના દુષ્પ્રભાવો અંગે માહિતી આપતા હાર્ટ કેર ફાઉન્ડેશનના અધ્યક્ષ ડો. કે.કે. અગ્રવાલે જણાવ્યું કે, માનવ શરીરના અંદર આ જંતુનાશકો પહોંચી જાય તો ખુબ ખરાબ અસર કરે છે.

